
છોકરો જે સૂરજની

બહુ નજીક ઉડયો



લિલ

છોકરો જે સૂરજની બહુ નજીક ઉડયો



લિલ





એક સમયે પ્રાચીન ગ્રીસમાં,


ઈકારસ નામનો છોકરો રહેતો હતો.

એ સમયે જીવન બહુ અલગ હતું,

પણ બાળકો સાવ એવાજ હતા જેવા આજે છે.

ઈકારસ એના પિતા સાથે એક દ્વીપ પર રહેતો હતો.







એના પિતા એક પ્રસિદ્ધ આવિષ્કારક હતા.

એમણે ઘણા અલગ-અલગ ઓજાર અને રમકડાં બનાવ્યા હતા.



એણે એક સેલબોટ (સઢવાળી હોળી) પણ બનાવી
અને ઈકારસને એમાં પ્રવાસ કરાવ્યો.



એક દિવસ ઇકારસના પિતાએ

એક અદ્ભૂત વસ્તુનો આવિષ્કાર

કર્યો!



સૌથી પહેલા એણે એક

લાકડાની ફ્રેમ બનાવી...



પછી એણે નાના-મોટા બધા

પ્રકારના પીંછાં ભેગા કર્યા...



પછી એણે પીંછાંને મીણથી ફ્રેમ પર ચોંટાડી દીધા.



અને એ રીતે એણે પાંખોની એક મોટી જોડી બનાવી!



હવે એ એક પંખીની જેમ ઉડી શકતા હતા!

એ એની પાંખોથી એટલા પ્રસન્ન થયા કે એણે ઇકારસ

માટે પણ પાંખોની એક નાની જોડી બનાવી.

હવે ઇકારસ પણ ઉડી શકતો હતો!




ઇકારસ અને એના પિતા રોજ સમુદ્રની

ઉપર ઉડવાનો અભ્યાસ કરતા હતા.

એને એ બહુ ગમતું હતું!





પછી, એક દિવસ એના દૈનિક ઉડાન દરમ્યાન,
ઇકારસે જોયું કે સૌથી નાના પક્ષી પણ એનાથી વધારે ઊંચાઈ પર ઉડી રહ્યા હતા.
ત્યારે ઇકારસે કહ્યું, "હું પક્ષીઓની જેમ ઊંચે ઉડવા ચાહું છું."
"હું જાણું છું કે હું એ કરી શકું છે!"
પણ એના પિતાએ એને એમ કરવા ન દીધું.
"જો, સૂર્ય બહુ ગરમ છે અને સમુદ્ર બહુ ઊંડો છે," એણે ઇકારસને ચેતવ્યો.
"એટલે આપણે સાવધાન રહેવું જોઈએ, મારા દીકરા."




રોજ ઇકારસના પિતા એની ચેતવણી ફરી બોલતા હતા:

"બહુ ઊંચે ઉડતો નહીં, નહીં તો સૂરજ તારી પાંખોના મીણને ઓગાળી નાખશે."

પણ એક સવારે, જયારે એના પિતા સૂઈ રહ્યા હતા,

ત્યારે ઇકારસ એના ઘરની બહાર નીકળ્યો.





એણે એની પાંખો લગાવી અને પછી ઠંડા, વાદળી આકાશમાં ઉડવા લાગ્યો.


એને એ બહુ અદ્ભૂત લાગ્યું!

એણે હવામાં ગુલાંટ પણ લગાવી.

ત્યાં એણે એની ઉપર ઉડતા પક્ષીઓને જોયા.

"હું પણ એની જેમ ઊંચે ઉડી શકું છું," એણે વિચાર્યું.

એ એના પિતાની ચેતવણી ભૂલી ગયો હતો.



થોડી વારમાં એ બધા પક્ષીઓ કરતા ઊંચે ઉડી રહ્યો હતો.


એ બહુ ગરમ થઈ ગયો હતો પણ એણે એ વાત પર જરાય ધ્યાન ન આપ્યું.

આખરે ઇકારસ એટલે ઊંચે ઉડયો...

એ ઊંચે અને વધારે ઊંચે ઉડવા લાગ્યો. એને એમાં બહુ મજા આવી રહી હતી!

...કે સૂરજની ગરમીથી એની પાંખોનું મીણ ઓગળી ગયું.

પીંછાં નીચે પડી ગયા અને ઇકારસ ઊંડા સમુદ્રમાં પડવા લાગ્યો.





"પિતાજી, પ્રિય પિતાજી, કૃપા કરીને મને મદદ કરો!" એણે ચીસ પાડી.


"હું પાછી આવી ભૂલ ક્યારેય નહીં કરું!"

પણ એના પિતા મદદ કરવા ત્યાં હાજર ન હતા.

અને ઇકારસ બહુ તેજીથી નીચે પડી રહ્યો હતો.



અને એ જરાય મજા આવે એવું ન હતું.



ઇકારસના અવાજથી એના પિતા જાગી ગયા.

એણે ઇકારસને બધી બાજુ શોધ્યો, પણ એ એને ક્યાંય મળ્યો નહીં.

એને ફક્ત લહેરો પર થોડા તરતા પીંછાં મળ્યા.



આજે પણ લોકો ઇકારસની વાર્તા સંભળાવે છે - એ
છોકરાની જે ઉડીને સૂરજની બહુ નજીક ગયો હતો.

જે સ્થાન પર એ પડયો હતો એને ઇકારસની યાદમાં

"ઈકેરીયન સાગર" ના નામથી બોલાવવામાં આવે છે.



આ પ્રસિદ્ધ વાર્તાને દંતકથા કહેવામાં આવે છે. એના થોડા ભાગ કદાચ એ ઘટનાઓ પર આધારિત હોઈ શકે જે હકીકતમાં ઘટી હોય. પણ કોઈ એની સચ્ચાઈ વિષે પાકે પાયે જાણતું નથી.

સમાપ્ત